

## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# ગાંધીનગર જિલ્લામાં બે વર્ષથી ગુમ ૪૭ બાળકોનો હજુ પત્તો લાગ્યો નથી

ગાંધીનગર તા ૨૭

રાપરના ધારાસભ્ય સંતોકબેન ઓરઠીયાએ રજુ કરેલા પ્રશ્નના લેખિત જવાબમાં ગૃહમંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૨૩ બાળકો ગુમ થયા હતા. જયારે આ પૈકી ૧૭૬ બાળકો પરત મળી આવ્યા છે. જો કે ગુમ થયેલા બાળકો પૈકી ૪૭ બાળકોનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. જયારે આ અન્વયે અત્યાર સુધી ન મળેલા બાળકોની શોધખોળ માટે શુ કાર્યવાહી કરવામાં આવી તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે જે બાળકો મળતા નથી તેને શોધવા માટે અવારનવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. પોલીસ સ્ટેશનના અધિકારીઓની સાથે બાળ સુરક્ષા એકમ અને એન જી ઓ સાથે મળીને ગુમ થયેલા બાળકો શોધવાની કામગીરી કરે છે. જયારે ગુમ થયેલા બાળકોની એન્ટ્રી પોર્ટલ પર કરવામાં આવે છે.

**જિલ્લામાં પોલીસના મંજુર મહેકમ સામે ૩૩૫ જગ્યા ખાલી**

માંડવીના ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીએ પુછેલા ગાંધીનગર જિલ્લાના પોલીસ મહેકમ અંગેના પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ લેખિત ઉત્તરમાં જણાંવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં સંવર્ગવાર કુલ ૬૭૫ નુ પોલીસ મહેકમ મંજુર કરવામાં આવ્યુ છે. જેમાં પોલીસ ઈન્સપેકટર બિન હથિયારી હથિયારી, પી એસ આઈ તેમજ હથિયારી અને બિનહથિયારી કોન્સ્ટેબલ સંવર્ગનો સમાવેશ થાય છે. જયારે છેલ્લા એક વર્ષથી કેટલી જગ્યાઓ ખાલી છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ છે કે ૩૩૫ જગ્યાઓ ખાલી છે.

**પોલીસ રહેણાંક મકાન પાછળ ૫.૬૭ કરોડનો ખર્ચ**

દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પુછેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીના જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન પોલીસ વિભાગ માટે કુલ ૫૬ રહેણાંકના મકાનો પુર્ણ કરવામાં આવ્યા છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૫.૬૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**ગાંધીનગર જિલ્લા પંચાયતને રેતીની ૬.૩૪ કરોડની ગ્રાન્ટ**

એલિસબ્રિજના ધારાસભ્ય રાકેશ શાહના પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવતી રેતીની ગ્રાન્ટ ઈન એઈડ અન્વયે ગાંધીનગર જિલ્લા પંચાયતને છેલ્લા બે વર્ષમાં ૬.૩૪ કરોડ ફાળવવામાં આવ્યા છે.

**સાદી રેતી ખનિજના ૧૬ બ્લોકની હરાજી**

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સાદી રેતી ખનિજના બ્લોકની ૧૬ અને અમદાવાદમાં ૨૨ હરાજી કરવામાં આવી હતી. જયારે આ હરાજીના આધારે રૂ ૩૦.૬૭ લાખની આવક થઈ છે.

**ધર્મ પરિવર્તન માટેની એકપણ અરજીને મંજુરી નહીં**

ગાંધીનગર જિલ્લામાં ધર્મ પરિવર્તન માટે અત્યાર સુધી ત્રણ અરજી મળી છે. માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્નના ઉત્તર સંદર્ભે અપાયેલા જવાબમાં જણાંવાયા મુજબ ધર્મ પરિવર્તનની આ અરજી સંદર્ભે એક પણ કિસ્સમાં મંજુરી આપવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર



નૃત્યની અભિવ્યક્તિ - ગાંધીનગર સંસ્કૃતિ કુંજ ખાતે આરંભાયેલ વસંતોત્સવમાં વિવિધ પ્રાંતોના કલાકારો અવનવી નૃત્યશૈલી રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લે છે... દરરોજ રાત્રે યોજાતા નૃત્યોત્સવમાં નૃત્યોની અભિવ્યક્તિ માણવા ગાંધીનગર અને આસપાસના કલાપ્રેમીઓ ઉમટે છે... સાથે સાથે સાંજથી જ સંસ્કૃતિ કુંજ ખાતે વિવિધ સ્ટોલ્સ પર વિવિધ કલાકૃતિઓની ખરીદીમાં પણ ભારે ભીડ જોવા મળે છે...

# શહેરમાં મૂન લાઈટ્સ પ્રોજેક્ટ અંતર્ગત પૂનમ અને એકમે ૯ થી ૧૨ સ્ટ્રીટ લાઈટ્સ બંધ રહેશે

**સચિવકક્ષાએ આજે યોજાયેલ બેઠકમાં લેવાયો નિર્ણય**

ગાંધીનગર, તા. ૨૭

આગામી હોળી અને ધૂળેટીના દિવસે રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન મૂન લાઈટ્સ પ્રોજેકટસ અંતર્ગત શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રાખવામાં આવશે.

મૂન લાઈટ્સ પ્રોજેકટ્સને લઈ આજે એક ખાસ બેઠક સચિવશ્રી જે.પી. ગુપ્તાના અધ્યક્ષસ્થાને મળી હતી.

મળતી વિગતો પ્રમાણે હોળીના દિવસે રાત્રે સેન્ટ્રલ વિષ્ટામાં હોળીના ગીતોનું આયોજન પણ કરવામાં આ બેઠકમાં કરવામાં આવ્યુ છે. રાત્રે ૯ થી ૧૧ સુધી સેન્ટ્રલ વિષ્ટામાં હોલી ગીતોનું ગાન થશે.

પૂનમની રાત્રિને સંગીતમય બનાવવાની સાથે સાથે લોકોમાં કુદરત પ્રતિ પ્રેમ વધે તે હેતુસર આ આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

ગત વર્ષે પણ ગાંધીનગર શહેરમાં આ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા આ મૂન લાઈટ્સ પ્રોજેકટસને લઈ તૈયારીઓ આજથી શરૂ કરી દેવામાં આવી છે. ૧લી માર્ચના રોજ હોળી છે અને ૨જી માર્ચના રોજ ધૂળેટી છે.

# શહેરમાં હોળીદહન માટે વનતંત્ર લાકડા આપશે : ૧૫૦૦ મણના વપરાશનો અંદાજ

**બે વર્ષથી વનતંત્ર દ્વારા લાકડા વેચાણે ન અપાતા સ્થાનિકોની લાગણી દુભાતા મુખ્યમંત્રી કક્ષાએ રજુઆત થઇ હતી : હોળી પર્વને ધ્યાને લઇ ખાસ આયોજન**

ગાંધીનગર તા ૨૭

વનવિભાગ દ્વારા છેલ્લા બે વર્ષથી હોળીના પર્વ નિમિત્તે લાકડાનુ વેચાણ કે વિતરણ કરવામાં આવતુ ન હતુ. જેને અનુલક્ષી નગરજનોની ધાર્મિક લાગણી પણ દુભાતી હોવાની ફરિયાદ પણ મુખ્યમંત્રી સુધી પહોંચી હતી. જો કે બે વર્ષના અંતે વનવિભાગ દ્વારા આ વર્ષે હોળીના પર્વને અનુલક્ષી લાકડાનુ વેચાણ કરવામાં આવશે. શહેરમાં હોળીના પર્વ દરમિયાન ૧૫૦૦ મણ લાકડાનો ઉપયોગ થવાનો અંદાજ છે.

ગાંધીનગરમાં હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી બજારમાં ઉત્તજેનાનો માહોલ જોવા મળી રહયો છે. પર્વને આડે હવે માત્ર બે ત્રણ દિવસ જ બાકી રહી ગયા હોવાથી નગરજનો પર્વની ઉજવણીને અનુલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. હોળીના પર્વમાં હોળીદહન મુખ્ય હોવાથી સેકટરોમાં વિવિધ ઠેકાણે આ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. હોળીદહનને અનુલક્ષી વનતંત્ર દ્વારા લાકડાનુ વેચાણ કરવા માટે ખાસ આયોજન કરવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી વનતંત્ર દ્વારા આ મુજબ લાકડા આપવામાં ન આવતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો. જયારે આ અંગે મુખ્યમંત્રી કક્ષાએ પણ રજુઆત કરવામાં આવી હતી. જો કે આ વર્ષે વનતંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડી ગોન, પંખા-કૂલર ઓન...


## આગામી સપ્તાહે ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચવાની ધારણા...

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લામાં ગરમીની સિઝનનો આરંભ થતાં જ પંખા, એ.સી. ઓન થવા પામ્યા છે. જો કે હમણાં સુધી બંધ રહેલા પંખા, એ.સી. હાલ તો ધીમી ગતિએ આરંભાયા છે. પરંતુ આગામી દિવસોમાં તે વધશે અને તે સાથે જ રાજયની વીજ માંગમાં પણ ભારેખમ વધારો નોંધાશે. ફાગણ મહિનો અડધો પૂર્ણ થવામાં છે ત્યાં જ આગામી ઉનાળો આકરો હશે તેવી આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

આજે મંગળવારે જ સુરત, અમરેલી, મહુવા, ભૂજમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રીને વટાવી ગયો છે જયારે અન્ય શહેરોમાં પણ તામપાન ૩૬ થી ૩૭ વચ્ચે નોંધાયું છે. આગામી એક બે દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં પણ વધારો એકથી બે ડિગ્રી જેટલો જોવા મળશે તેવા સંકેતો હવામાન ખાતાની આગાહીમાં આપવામાં આવ્યા છે.

આગામી સપ્તાહના આરંભે ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચે તો નવાઈ જેવું નહિ ગણાય. અત્યારે જે રીતે ગરમીનો પ્રકોપ શરુ થયો છે તે આગામી દિવસોમાં વધુ આક્રમક હશે તેમ જાણકારોનું કહેવું છે. આજે ઈડરમાં લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું. જયારે રાજયના અન્ય શહેરોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહ્યું છે. લઘુત્તમ તાપમાન વધતાં જ લોકોએ રાત્રિના સમયે ધીમીગતિએ પંખા અને એસી ચાલુ કરી દીધા છે. દિવસે પણ લોકો હવે પંખાની હવા પસંદ કરી રહ્યા છે. મોટા સમારંભો કે મોટા જાહેર સ્થાનો પર તો પંખા અને એ.સી. ઓન થઈ જવા પામ્યા છે.



હોલી આઈ રે... - ભારતીય સંસ્કૃતિમાં હજુ પણ જેનુ સ્થાન અકબંધ છે... એવો લોકોત્સવ હોળીનું કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે... ગામે ગામે, શહેરે-શહેર હોલીકા દહનની પ્રતિકાત્મક ઉજવણી થશે... અને બીજા દિવસે અનિષ્ટના સંહારના આનંદનો અવસર ઉજવાશે....

# રાંધેજા-૨ના અપક્ષ વિજેતા રસિકજી ઠાકોર કોંગ્રેસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ આજે રાંધેજા-૨ બેઠક પરથી અપક્ષ વિજેતા થયેલા રસિકજી ઠાકોરે કોંગ્રેસમાં પ્રવેશ કરી અને કોંગ્રેસને વધુ મજબુત બનાવવાનો નિર્ધાર વ્યકત કર્યો છે.

આજે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નીશીથ વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ અને અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં તેમણે વિધિવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે.

ઠાકોરના પ્રવેશ સાથે ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૯ થઈ છે. હજુ બે અપક્ષો પણ કોંગ્રેસના સ્થાનિક નેતાઓ સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. જો કે તેઓ કોંગ્રેસમાં જોડાશે કે બહારથી સમર્થન આપશે તે અંગે હાલ કંઈ જ બોલવા કોઈ તૈયાર નથી.

ઉપરોકત બાબતે સ્પષ્ટતા કરતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું કે અપક્ષ સદસ્યશ્રી રસિકભાઈ ઠાકોર કોંગ્રેસમાં કોઈ પણ જાતની શરત કે પ્રલોભન સાથે જોડાયા નથી પરંતુ તેઓ કોંગ્રેસ પક્ષની વિચારધારા, મતવિસ્તારના વિકાસ કાર્યો અને પોતે વર્ષોથી કોંગ્રેસ પક્ષના સૈનિક તરીકે કાર્યરત હોવા માત્રથી જ કોંગ્રેસમાં પુનઃ પ્રવેશ લીધો છે.

શ્રી રસિકભાઈના કોંગ્રેસ પ્રવેશ સાથે ગાંધીનગર તાલુકા પંચાયતમાં કુલ ૧૯ સદસ્યો સાથે સ્પષ્ટ બહુમતિ કોંગ્રેસે મેળવી લીધી છે. જેથી ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસની ૧૯ સદસ્યોવાળી સ્પષ્ટ બહુમતિનો વાસ્તવિકતાનો સ્વીકાર કરી લે અને એક આદર્શ લોકશાહી પ્રક્રિયાનો ખેલદિલી પૂર્વક સ્વિકાર કરીને પોતાને ભાગે આવેલી વિરોધપક્ષની ભૂમિકા ભજવવાની માનસિકતા કેળવી લે તેવી નુકતેચીની જિલ્લા પ્રમુખે કરી હતી તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

**તાલુકા પંચાયતની ચૂંટણીમાં**

# પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પગલાં લેવા કોંગ્રેસમાં માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની માંગ કોંગ્રેસી કાર્યકરો દ્વારા કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ મુદ્દે કેટલાક આગેવાનોએ તો જિલ્લાના અગ્રણીઓને રૂબરૂ મળી આ મુદ્દે ચર્ચા પણ કરી છે. આ મુદ્દે લેખિતમાં પણ રજુઆત કરવામાં આવી હોવાનું કોંગ્રેસના આગેવાનોએ સ્વીકાર્યું છે.

તાલુકા પંચાયતની છ થી સાત જેટલી બેઠકો પરથી આવી માંગણીઓ આવી હોવાનું પણ કોંગ્રેસના સૂત્રોએ સ્વીકાર્યુ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જો શિસ્તભંગના પગલાં લેવામાં નહિ આવે તો પક્ષમાંથી રાજીનામા આપવાની પણ ચીમકી આપવામાં આવી છે.

તાલુકા પંચાયત પર સત્તા મેળવવામાં વ્યસ્ત જિલ્લાના આગેવાનો હાલ મૌન ધારણ કરી બેઠા છે. વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને જે રીતે કારણદર્શક નોટીસો આપવામાં આવી છે તેવી નોટીસો કદાચ જિલ્લાતંત્ર દ્વારા આપી અને

● અનુસંધાન પાન-૭ પર





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
GSPL Bhavan, Plot No. E-18 ,GIDC Electronics Estate, Sector 26 , Gandhinagar, Gujarat.
Website: www.gspcgroup.com

NOTICE INVITING TENDER

Gujarat State Petronet Limited (GSPL) invites bids from competent Agencies for "Appointment of Agencies for Annual Rate Contract for supply of Electrical goods/ fixtures for GSPL Bhavan, Gandhinagar" vide single stage three part bidding process.

**Interested parties can view, download the Bid Qualification Criteria (BQC), Tender Document and Bidding Schedule on GSPL website (www.gujpetronet.com)**

| Details | Date & Time |
| --- | --- |
| Date of tender upload on **www.gujpetronet.com** | 28/02/2018, 10:00 hrs |
| Last Date to Submit Techno-Commercial Bid | 17/03/2018 before 18:30 hrs |

**All future announcement related to this tender shall be published on GSPL website ONLY.**

GSPL reserves the right to cancel and/or alter bidding process at any stage without assigning any reason. GSPL also reserves the right to reject any or all of the bids received at its discretion, without assigning any reasons whatsoever.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com